## ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર

## પ્રથમ સત્રાંત કસોટી પરિરૂપ

ધોરણ : 3 વિષય : પર્યાવરણ

| પ્રશ્ન ક્રમાંક | અધ્યયન નિષ્પત્તિ ક્રમાંક અને વિધાન | પ્રશ્ન પ્રકાર | પ્રશ્નોની સંખ્યા | કુલ ગુણ |
|---|---|---|---|---|
| ૧ | 3.0૧ સાદા જોઇ શકાય તેવાં લક્ષણોના આધારે આસપાસનાં વૃક્ષોનાં પાંદડા, ડાળીઓ, અને તેના પ્રકાંડને ઓળખે છે. (જેમકે આકાર, રંગ, રચના, ગંધ) | હેતુલક્ષી | 2 | 2 |
| ૨ | 3.0૨ આસપાસના જોવા મળતાં પક્ષીઓને પ્રાણીઓને તેમના સામાન્ય લક્ષણોને આધારે ઓળખે છે. (જેમ કે પ્રચલન, રહેઠાળ, ખોરાકની ટેવો અને અવાજ) | હેતુલક્ષી | 4 | 4 |
| 3 | 3.03 કુટુંબ અને કુટુંબના સભ્યો સાથેના અરસપરસના સંબંધોને ઓળખે છે. | હેતુલક્ષી | 2 | 2 |
| ૪ | 3.0૪ ઘર, શાળા અને આસપાસના વિસ્તારની વસ્તુઓ, સ્થળો, ચિહ્નો, અને પ્રવૃતિઓને ઓળખે છે.(જેમકે વાસણો, ચૂલા, વાહનવ્યવહાર, સંદેશા વ્યવહારના સાધનો, સાઇન બોર્ડ, વિવિધ પ્રકારના ઘર અને આશ્રય સ્થાનો, બસ સ્ટેન્ડ, પેટ્રોલપંપ, વિવિધ વ્યવસાયના લોકો, ખોરાક બનાવવાની પ્રક્રિયા વગેરે) | નિબંધ<br>હેતુલક્ષી | 1<br>1 | 3<br>1 |
| ૫ | 3.0૫વિવિધ વયજૂથના લોકો, પ્રાણીઓ અને પક્ષીઓની ખોરાકની જરૂરિયાતો, ખોરાક અને પાણીની ઉપલબ્ધિ તથા તેમના ઘર અને આસપાસના પાણીના ઉપયોગ અંગેનું વર્ણન કરે છે. | નિબંધ<br>હેતુલક્ષી | 1<br>1 | 3<br>1 |
| ૬ | 3.0૬ કુટંબના સભ્યોની ભુમિકા, તેમની ટેવો, લક્ષણો, કાર્યો તથા સંયુક્ત કુટંબમાં રહેવાની જરૂરિયાતનું વર્ણન લેખિત, મૌખિક કે અન્ય રીતે કરે છે. | ટૂંક જવાબી<br>હેતુલક્ષી | 1<br>2 | 4 |
| ૭ | 3.0૭ જુદાં જુદાં પ્રાણી અને પક્ષીઓના લક્ષણો, પ્રવૃત્તિઓ, સમાનતા તથા અસમાનતાના આધારે જૂથ પાડે છે. (જેમકે ગમો, અણગમો, પ્રચલન, ખોરાક) | હેતુલક્ષી | 4 | 4 |
| ૮ | 3.0૮ વર્તમાન અને ભૂતકાળની વસ્તુઓ અને પ્રક્રિયાઓ જેમકે કપડાં, રમતો, વાસણો લોકોના કાર્યો વગેરેના ભેદ પારખે છે. | હેતુલક્ષી | 4 | 4 |
| ૯ | 3.૧૧વસ્તુઓ, પ્રવૃતિઓ કે મુલાકાત લીધેલ સ્થળો અંગેની માહિતી, અનુભવો તેમજ અવલોકનની નોંધ કરે છે. તેના આધારે તેમની તરાહ અંગે આગાહી કરે છે.(જેમકે ચંદ્રની કળાઓ અને ઋતુઓ) | ટૂંક જવાબી<br>હેતુલક્ષી | 1<br>2 | 4 |
| ૧૦ | 3.૧૪ કુટંબમાં રૂઢિગત કાર્યો/રમતો/ખોરાક વગેરેમાં થતા લિંગભેદ પ્રત્યે શાળા અને કુટંબમાં થતાં ખોરાક અને પાણીના બગાડ વિશે મત વ્યક્ત કરે છે. | હેતુલક્ષી | 4 | 4 |
| ૧૧ | 3.૧૫ વનસ્પતિ, પ્રાણીઓ,વૃધ્ધો અને દિવ્યાંગો માટે સંવેદના દર્શાવે છે. અને કુટુંબમાં થતાં ખોરાક અને પાણીના બગાડ વિશે મત વ્યક્ત કરે છે. | ટૂંક જવાબી<br>હેતુલક્ષી | 1<br>2 | 4 |
| | કુલ | | 33 | 40 |

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર

પ્રથમ સત્રાંત કસોટી પરિરૂપ

ધોરણ : 4 વિષય : પર્યાવરણ

| પ્રશ્ન ક્રમાંક | અધ્યયન નિષ્પત્તિ ક્રમાંક અને વિધાન | પ્રશ્ન પ્રકાર | પ્રશ્નોની સંખ્યા | કુલ ગુણ |
|---|---|---|---|---|
| ૧ | EVS.4.04 મોટા કે નાના સમૂહમાં રહેતાં પ્રાણીઓ (જેમકે કીડી, માખી, હાથી વગેરે) અને માળા બાંધતાં પક્ષીઓના વર્તનોને તેમજ જન્મ, લગ્ન અને સ્થળાંતરને કારણે માનવ કુટુંબમાં થતા ફેરફારોને સમજાવે છે. (પ્રકરણ: 3,5,9) | હેતુલક્ષી | 4 | 4 |
| ૨ | EVS.4.02 પક્ષીઓ અને પ્રાણીઓમાં રહેલ વિવિધતાઓને ઓળખે છે. (જેમકે ચાંચ, દાંત, પંજો, કાન, વાળ, માળો/રહેઠાણ વગેરે) (પ્રકરણ: 2) | હેતુલક્ષી | 4 | 4 |
| ૩ | EVS.4.08 અવલોકનક્ષમ લક્ષણોને આધારે પ્રાણી, પક્ષી, વનસ્પતિ, સાધનો તેમજ બિનઉપયોગી વસ્તુઓનું વર્ગીકરણ કરે છે. [જેમકે દેખાવ (કાન, વાળ, ચાંચ, દાંત, ચામડી અને શરીરની સપાટી), પ્રાણી (પાલતુ, જંગલી),વનસ્પતિ (ફળ, શાક, કઠોળ, તેજાના અને ખોરાકનો જીવનકાળ/ ટકાઉપણું), ઉપયોગ (ખાદ્ય, ઔષધીય, સુશોભન, અન્ય અને પુનઃઉપયોગ) લાક્ષણિકતાઓ (ગંધ, સ્વાદ, ગમો- અણગમો વગેરે)] (પ્રકરણ: 2) | ટૂંક જવાબી | 2 | 4 |
| ૪ | EVS.4.07 ભૂતકાળ અને વર્તમાનકાળની વસ્તુ અને પ્રવૃત્તિઓ વચ્ચેનો તફાવત સમજે છે. (જેમકે પરિવહન,ચલણ, રહેઠાણ, સામગ્રી, સાધનો, કૌશલ્યો, ખેતી, બાંધકામ વગેરે) (પ્રકરણ: 1,12) | હેતુલક્ષી | 4 | 4 |
| ૫ | EV.4.09 ગુણધર્મો અને સંજોગોને આધારે અંતર, સમય, વજન, સમયગાળો અંગે પ્રમાણિત અને બિનપ્રમાણિત એકમો (કિલોગ્રામ, ગજ, ડગલાં, પગલાં, મીટર) સંદર્ભે અનુમાન કરે છે તથા સાદા અને હાથવગા ઉપાયો દ્વારા કાર્યકારણ સંબંધની ચકાસણી કરે છે. (દા.ત. બાષ્પીભવન, ઘનીભવન, શોષણ તથા પદાર્થો નું કદ, વૃદ્ધિ, ફળ, ફૂલ અને શાકભાજીનું ટકાઉપણું) (પ્રકરણ: 1,3) | ટૂંક જવાબી | 2 | 4 |
| ૬ | EVS.4.12 સાઇનબોર્ડ, પોસ્ટર, નાણું (નોટ/સિક્કા), રેલવે ટિકિટ, સમયપત્રક વગેરે માહિતીનો ઉપયોગ કરે છે. (પ્રકરણ: 6,7,8) | હેતુલક્ષી | 8 | 8 |
| ૭ | EVS.4.01 આસપાસ જોવા મળતી વનસ્પતિનાં મૂળ, ફૂલ અને ફળોનાં સાદાં લક્ષણો (જેવાં કે આકાર, રંગ, સુગંધ તે ક્યાં ઊગે છે તેમજ અન્ય બાબતો વગેરે) ને ઓળખે છે. (પ્રકરણ: 11) | ટૂંક જવાબી | 2 | 4 |
| ૮ (અ) | EVS.4.10 પોતાના અવલોકનો, અનુભવો, વસ્તુઓ અંગેની માહિતી, પ્રવૃતિઓ, મહત્વની ઘટનાઓ કે મુલાકાત લીધેલ સ્થળો (જેમકે મેળાઓ, તહેવારો ઐતિહાસિક સ્થળો) અંગે અલગ રીતે નોંધ કરે છે તથા પ્રવૃત્તિઓ અને અસાધારણ ઘટનાઓની આગાહી કરે છે. (પ્રકરણ: 6,7,8) | ટૂંક જવાબી | 1 | 2 |
| ૮ (બ) | | નિબંધાત્મક | 2 | 6 |

## ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર

## પ્રથમ સત્રાંત કસોટી પરિરૂપ

ધોરણ : 5 વિષય : પર્યાવરણ

| પ્રશ્ન ક્રમાંક | અધ્યયન નિષ્પત્તિ ક્રમાંક અને વિધાન | પ્રશ્ન પ્રકાર | પ્રશ્નોની સંખ્યા | કુલ ગુણ |
|---|---|---|---|---|
| ૧ | EV501 પ્રાણીઓની વિશિષ્ટ શક્તિઓ અને અસામાન્ય લક્ષણો (જેમકે દૃષ્ટિ, ગંધ, શ્રવણ, ઊંઘ, અવાજ વગેરે) અને તેમના પ્રકાશ, ધ્વનિ અને ખોરાક પ્રત્યેના પ્રતિચારોને વર્ણવે છે. (પ્રકરણ: ૧) | હેતુલક્ષી | 4 | 4 |
| ૨ | EV513 સ્વચ્છતા, સ્વાસ્થ્ય, કચરાનું વ્યવસ્થાપન, આપત્તિ/ કટોકટીની સ્થિતિ અને સંસાધનો(જેમ કે જમીન, ઈંધણ, જંગલો વગેરે)ની જાળવણી/ બચાવ માટેના ઉપાયો સૂચવે છે તથા વંચિતો પ્રત્યે સંવેદનશીલતા દર્શાવે છે. (પ્રકરણ: ૩, ૮) | ટૂંક જવાબી | 4 | 4 |
| 3 (અ) | EV502 રોજિંદા જીવનની મૂળભૂત જરૂરિયાતો (જેમકે ખોરાક, પાણી વગેરે) મેળવવાની પ્રક્રિયા અને તેમાં ટૅકનોલૉજીના ઉપયોગો સમજાવે છે. (જેમ કે ખેતપેદાશો ખેતરથી રસોડા સુધી પહોંચવાની પ્રક્રિયા, અનાજમાંથી રોટલી બનવાની પ્રક્રિયા, અનાજ જાળવણીની રીત (તકનિકો), જળસ્રોતમાંથી પાણી સંગ્રહની રીતો) (પ્રકરણ: ૩, ૪, ૬) | હેતુલક્ષી | 4 | 4 |
| 3 (બ) | | હેતુલક્ષી | 4 | 4 |
| ૪ (અ) | EV503 પ્રાણીઓ, વનસ્પતિઓ અને મનુષ્યના પરસ્પરાવલંબન સંબંધો વર્ણવે છે. (જેમ કે કેટલાંક લોકો દ્વારા જીવનનિર્વાહ માટે પશુપાલન કરવું કે પ્રાણીઓ - પક્ષીઓ દ્વારા વનસ્પતિના બીજનો ફેલાવો થવો) (પ્રકરણ: ૨, ૫) | હેતુલક્ષી | 4 | 4 |
| ૪ (બ) | | એક-બે વાક્યમાં | 4 | 4 |
| ૫ | EV504 રોજિંદા જીવનમાં વિવિધ સંસ્થાઓની ભૂમિકા અને કાર્યો સમજાવે છે. (જેમ કે બેંક, પંચાયત, સહકારી સંસ્થાઓ, પોલીસ સ્ટેશન વગેરે) (પ્રકરણ: ૬) | નિબંધ | 1 | 4 |
| ૬ | EV505 ભૂમિપ્રદેશો, આબોહવા, સંસાધનો (જેમકે ખોરાક, પાણી, રહેઠાણ, આજીવિકા) અને સાંસ્કૃતિક જીવન વચ્ચે જોડાણ સાધે છે. (મુશ્કેલભર્યા અને દુર્ગમ વિસ્તારો- ગરમ અને ઠંડા રણપ્રદેશોમાં લોકોનું જીવન) (પ્રકરણ: ૯) | હેતુલક્ષી | 4 | 4 |
| ૭ | EV507 સિક્કાઓ, ચિત્રો, સ્મારકો, સંગ્રહાલયો વગેરેની મુલાકાત તેમજ વડીલો સાથેના સંવાદ દ્વારા રીત-રિવાજો, ટેવો અને પરંપરામાં આવેલ પરિવર્તનનું અનુમાન કરે છે. (જેમ કે ખેતી, સંરક્ષણ, તહેવારો, પોશાક, પરિવહન, સાધનસામગ્રી, વ્યવસાય, રહેઠાણ, રાંધવાની અને આહારની રીત, કાર્યશૈલી) (પ્રકરણ: ૬, ૧૦) | હેતુલક્ષી | 4 | 4 |
| ૮ | EV509 અવલોકનો, અનુભવો, માહિતીઓ (જેમકે કોષ્ટકો, ચિત્રો, સ્તંભઆલેખ, પાઇચાર્ટના સ્વરૂપમાં)ની વ્યવસ્થિત નોંધ કરે છે અને તેના આધારે ઘટનાઓ કે પ્રવૃત્તિઓની તરાહો (જેમ કે તરવું, ડૂબવું, મિશ્રણ, બાષ્પીભવન, અંકુરણ, બગાડ)ના કાર્યકારણ સંબંધો સ્થાપિત કરે છે. (પ્રકરણ: ૪, ૫, ૭, ૧૧) | ટૂંક જવાબી | 2 | 4 |

નોંધ:

- હેતુલક્ષી પ્રકારના પ્રશ્નોમાં MCQ, ખાલી જગ્યા, ખરાં ખોટાં, જોડકા જોડો, વર્ગીકરણ વગેરે પ્રકારના પ્રશ્નની રચના કરવી.
- ટૂંક જવાબી પ્રશ્નમાં એક-બે વાક્યમાં જવાબ આપો, કારણ આપો, તફાવત આપો અને વર્ણન કરો વગેરે પ્રકારના પ્રશ્નની રચના કરવી
- નિબંધાત્મક પ્રશ્નમાં ટૂંકનોંધ લખો, સવિસ્તાર નોંધ, સમજાવો, મુદ્દાસર લખો, વર્ણન કરો વગેરે પ્રકારના પ્રશ્ન લખો.
- પ્રશ્નપત્રમાં પ્રશ્નોની વિવિધતા રહે તે માટે વિવિધ પ્રશ્ન સ્વરૂપની પસંદગી કરવી.
- પ્રશ્ન રચના સમયે ઉપરોક્ત અધ્યયન નિષ્પતિઓને ધ્યાને રાખી તેની ચકાસણી કરતાં પ્રશ્નોની રચના કરવી.